મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

GT NEWS ગરવી તાકાત LIVE

૨૪-૦૨-૨૦૨૫
સોમવાર

વર્ષ : ૧૦ ★ અંક નં : ૩૨૩
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર. ચૌધરી

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે

તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો એક આંગળીના ટેરવે

પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરો અને મેળવો તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં

Garvi Takat app

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

## કડી તાલુકાના નારોલા ખાતે રાજપૂત સમાજના સમૂહ લગ્નોત્સવમાં હાજરી આપતા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

# સમાજની શક્તિ વિકસિત ગુજરાતના નિર્માણથી વિકસિત રાષ્ટ્રના નિર્માણમાં સક્રિય યોગદાન આપશે તેવો વિશ્વાસ વ્યક્ત કરતા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ














(ગરવી તાકાત) મહેસાણા તા.૨૩

આજરોજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મહેસાણા જિલ્લાના કડી તાલુકાના નારોલા ખાતે ચાવડા - ડાભી - રાઠોડ રાજપૂત સમાજ દ્વારા આયોજિત ૩૦મા સમૂહ લગ્નોત્સવમાં હાજરી આપી હતી. આ પ્રસંગે સમાજના અગ્રણીઓએ મુખ્યમંત્રીશ્રીનું ફૂલહાર, પાઘડી, તલવાર અને મોમેન્ટો દ્વારા સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ નવદંપતીઓને શુભઆશિષ પાઠવતા જણાવ્યું હતું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં ગુજરાતે તમામ સમાજના વર્ગોને સાથે રાખીને સર્વાંગી વિકાસને પ્રાધાન્ય આપ્યું છે. વડાપ્રધાનશ્રીએ સમાજશક્તિના સામર્થ્યથી રાષ્ટ્રના વિકાસ પર ભાર મૂક્યો છે. વડાપ્રધાનશ્રીના કાર્યમંત્ર એવા સમાજના વિકાસથી રાજ્યનો વિકાસ, રાજ્યના વિકાસથી દેશના વિકાસ સાથે ગુજરાત આગળ વધી રહ્યું છે.

વધુમાં મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે આજનો દિવસ રાજપૂત સમાજની સંપ, શક્તિની ઉજવણી કરવાનો અવસર છે. જ્યારે પ્રસંગ સામૂહિક અવસર બને ત્યારે સમાજનું સ્નેહબંધન બની રહે છે. સમૂહ લગ્નએ આજના સમાજ અને સમયની માંગ છે. રાજપૂત સમાજની વૈભવશાળી સંસ્કૃતિ રહી છે. સમાજ સામાજિક એકતા, સંપ અને સહયોગથી આવા આયોજનોમાં ઉત્તરોત્તર સફળતા મેળવે છે.

આ તકે સમાજની શક્તિ વિકસિત ગુજરાતના નિર્માણથી વિકસિત રાષ્ટ્રના નિર્માણમાં સક્રિય યોગદાન આપશે તેવો મુખ્યમંત્રીશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

આ સમૂહ લગ્નના આયોજન સાથે જોડાયેલ તમામ આગેવાનો અને કાર્યકર્તાઓને મુખ્યમંત્રીશ્રીએ અભિનંદન પાઠવ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ નવદંપતીઓ સાથે ફોટોસેશન યોજીને નવદંપતીઓ માટે આ અવસર વધુ યાદગાર બનાવ્યો હતો. આ ઉપરાંત ઉપસ્થિત સૌએ મુખ્યમંત્રીશ્રીની હાજરીમાં બેટી બચાવો, બેટી પઢાઓ અને સામાજિક ઉત્થાન અંગે પ્રતિજ્ઞા લીધી હતી.

આ પ્રસંગે રખિયાલ ધારાસભ્યશ્રી દિનેશસિંહજી કુશવાહ, અગ્રણીશ્રી જયરાજસિંહ પરમાર, શ્રી બળવંતસિંહ ડાભી, શ્રી ભગાજી ઠાકોર, શ્રી કિરપાલસિંહજી ચાવડા, પૂર્વ ધારાસભ્યશ્રી કનુસિંહ ડાભી, અગ્રણીશ્રી અશ્વિનસિંહ ચાવડા, શ્રી દિલીપસિંહ ડાભી, શ્રી ભૂપેન્દ્રસિંહ ચાવડા, શ્રી હઠીસિંહ ડાભી સહિત સમાજના આગેવાનો અને સ્થાનિક લોકો ઉપસ્થિત રહ્યા હતા.

### લાખવડ શાળાના શિક્ષિકાને મળ્યો પારિજાત એવોર્ડ

## સંગીતાબેન રાવલની શિક્ષણ ક્ષેત્રે વિશિષ્ટ કામગીરીને મળ્યું આદર્શ શિક્ષક સન્માન



(ગરવી તાકાત) મહેસાણા તા.૨૩

પારિજાત પરિવાર અને સંલગ્ન સાહિત્ય ગ્રુપે આદર્શ શિક્ષક સન્માન સમારંભનું આયોજન કર્યું. આ કાર્યક્રમમાં લાખવડ પગાર કેન્દ્ર શાળાના શિક્ષિકા સંગીતાબેન રાવલને વિશેષ સન્માન આપવામાં આવ્યું.

માણેકલાલ પટેલ, પી.સી. પટેલ અને કિરણબેન શર્માના નેતૃત્વમાં યોજાયેલા આ કાર્યક્રમમાં સંત મહાત્માઓની પણ વિશેષ ઉપસ્થિતિ રહી. સંગીતાબેન રાવલને તેમની શિક્ષણ ક્ષેત્રે કરેલી અવનવી અને વિશિષ્ટ કામગીરી માટે પંચામૃત સ્વરૂપે પાંચ વસ્તુઓથી સન્માનિત કરવામાં આવ્યા.

પારિજાત પરિવાર દ્વારા તેમને શાલ, બે પુસ્તક, પેન, મીઠાઈનું બોક્સ અને પ્રમાણપત્ર એમ પાંચ વસ્તુઓ અર્પણ કરવામાં આવી.

આ સન્માન સમારોહમાં સંગીતાબેનની શૈક્ષણિક પ્રતિભા અને નવતર પ્રયોગોની વિશેષ નોંધ લેવામાં આવી.

## માર્ચ પહેલાં જ રાજ્યમાં તાપમાનનો પારો ઊંચકાયો

## લઘુતમ અને મહત્તમ તાપમાનમાં સામાન્ય કરતાં બે-ત્રણ ડિગ્રીનો વધારો, શિયાળાની વિદાયના સંકેત



ગુજરાતમાં ફેબ્રુઆરી મહિનામાં જ ગરમીનો પ્રકોપ શરૂ થઈ ગયો છે. સામાન્ય રીતે માર્ચ આવતાં ગરમી વધતી હોય છે, પરંતુ આ વર્ષે માર્ચ પહેલાં જ ગરમીએ જોર પકડ્યું છે, જેના કારણે ગુજરાતીઓને ગરમી સહન કરવા માટે તૈયાર રહેવું પડશે.

લઘુતમ અને મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી ૭ દિવસને લઈને રાજ્યમાં હવામાનની આગાહી કરવામાં આવી છે. એ મુજબ આગામી ૭ દિવસ વાતાવરણ શુષ્ક રહેશે, જ્યારે બે દિવસ પછી રાજ્યમાં લઘુતમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો જોવા મળશે અને આગામી ત્રણ દિવસ બાદ રાજ્યના મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો જોવા મળશે.

છેલ્લા ૨૪ કલાક દરમિયાન અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૩.૭ ડિગ્રી સેલ્સિયસ અને ગાંધીનગરમાં ૩૩.૪ ડિગ્રી સેલ્સિયસ નોધાયું છે. સંપૂર્ણ ગુજરાતમાં મહત્તમ તાપમાન રાજકોટ ખાતે ૩૬.૩ ડિગ્રી સેલ્સિયસ જેટલું નોંધાયુ છે. જ્યારે અમદાવાદમાં લઘુતમ તાપમાન ૧૯.૩ ડિગ્રી સેલ્સિયસ અને ગાંધીનગરમાં ૧૭.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયુ છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં લઘુતમ તાપમાન નલિયા ખાતે ૧૫.૫ ડિગ્રી સેલ્સિયસ નોધાયું છે.

આગામી ૨૪ કલાક દરમિયાન અમદાવાદમાં લઘુતમ તાપમાન ૨૦ ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી સેલ્સિયસ જેટલું રહેવાની શક્યતા છે. પવનની દિશા ઉત્તરથી ઉત્તરપૂર્વ તરફથી રહેશે. ૨૪ ફેબ્રુઆરીના રોજ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને લઈને તાપમાનમાં ફેરફાર થશે.

### વડનગર તાલુકાના વલાસણા ૧૦૮ ટીમનું સાહસિક કાર્ય

## ઉંડણી ગામની ગર્ભવતી મહિલાની રસ્તામાં સફળ ડિલિવરી કરાવી, માતા-બાળક સુરક્ષિત



(ગરવી તાકાત) મહેસાણા તા.૨૩

મહેસાણા જિલ્લાના વડનગર તાલુકામાં વલાસણા ૧૦૮ એમ્બ્યુલન્સ ટીમે એક વધુ જીવન બચાવ્યું છે. ઉંડણી ગામની ૨૬ વર્ષીય ગર્ભવતી મહિલાની રસ્તામાં જ સફળ ડિલિવરી કરાવીને માતા અને બાળક બંનેના જીવ બચાવ્યા છે.

૨૨મી ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ સવારે ૫:૫૧ વાગ્યે, મહિલાને તીવ્ર પ્રસૂતિ પીડા શરૂ થઈ. પરિવારજનો તેને ઈીર્ષ્ કારમાં હોસ્પિટલ લઈ જતા હતા. રસ્તામાં મહિલાની સ્થિતિ વધુ ગંભીર થતાં તેમણે ૧૦૮ને કૉલ કરતા વલાસણા ૧૦૮ એમ્બ્યુલન્સના પાઈલોટ બાબુસિંહ રાઠોડ અને ઈ.એમ.ટી. હાર્દિક પ્રજાપતિ તુરંત ઘટનાસ્થળે પહોંચ્યા હતા. મહિલાની સ્થિતિ જોતાં તેમને હોસ્પિટલ સુધી લઈ જવી શક્ય ન હતી. ઈ.એમ.ટી. હાર્દિક પ્રજાપતિએ ERCP પદ્ધતિથી સુરક્ષિત ડિલિવરી કરાવી હતી.

નવજાત શિશુને 'કંગારૂ મધર કેર' દ્વારા ગરમાવો આપવામાં આવ્યો હતો. માતા અને બાળક બંનેને વધુ સારવાર માટે વડનગર સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પરિવારજનો અને ગામલોકોએ ૧૦૮ ટીમની તત્પરતા અને માનવીય અભિગમની પ્રશંસા કરી છે.




# પોતાનો જ ઇતિહાસ ભૂંસવા મથતું બાંગ્લાદેશ

બાંગ્લાદેશની હાલત બદથી બદતર થતી જાય છે. અહીં ભીડતંત્ર હાવી થઈ ગયું છે. સતત તોડફોડ થઈ રહી છે. હિંદુઓ પર વીણી વીણીને હુમલા કરાય છે. ગત અઠવાડિયે બંગબંધુ શેખ મુજીબુર્રહમાનનું ઘર હજારોની ભીડે તોડી નાખ્યું, કારણ કે ત્યાં પૂર્વ વડાંપ્રધાન શેખ હસીનાનું વર્ચ્યુઅલ સંબોધન થવાનું હતું. આ બધું ઈતિહાસ મિટાવવાના દાવા સાથે થઈ રહ્યું છે. અરાજકતા હવે એટલી વધી ગઈ છે કે પોલીસ અને ફોજ મળીને પણ સ્થિતિ સંભાળી નથી શકતા. તેનું નુક્સાન બાંગ્લાદેશને ખૂબ થઈ રહ્યું છે. એક સમયે ત્યાંની ફેક્ટરીઓ બાંગ્લાદેશના વિકાસ દરની વાહક હતી, પરંતુ જ્યારથી શેખ હસીનાનો તખ્તાપલટ થયો છે, ત્યારથી ૧૦૦થી પણ વધારે ફેક્ટરીઓ બંધ થઈ ગઈ છે, જેનાથી તેમાં કામ કરનારી લગભગ ૧૦ લાખ છોકરીઓ બેરોજગાર થઈ ગઈ છે. ભૂખ અને બેકારી એટલી વધી ગઈ છે કે માનવ તસ્કરીમાં પણ વધારો થઈ ગયો છે. હાલમાં ઘૂસણખોરીનો ખતરો પણ વધી ગયો છે. સારી વાત છે કે બાંગ્લાદેશ સાથે જોડાયેલી સીમા પર આપણી તૈનાતી ચાકચોબંદ છે. હાલમાં ડ્રગ્સ, પશુઓ, ખાવા-પીવાનો સામાન વગેરેની તસ્કરીના પ્રયાસો પણ ખૂબ થઈ રહ્યા છે.

બાંગ્લાદેશની વચગાળાની કઠપૂતળી સરકાર સંપૂર્ણ નિષ્ફળ દેખાઈ રહી છે, કારણ કે તેમાં મોટાભાગે એવા લોકો છે, જેમને રાજકારણનો કશો અનુભવ નથી. ખુદ મોહંમદ યુનુસ, જે આ સરકારનો વડો છે, તે રાજકારણમાં ડચકાં ખાઈ રહ્યો છે, કારણ કે તેને તરતાં નથી આવડતું. જોકે તેણે ૨૦૦૭માં રાજકારણમાં હાથ અજમાવવાનો પ્રયાસ કર્યો હતો, પણ તેને નિષ્ફળતા મળી હતી. અસલમાં શાંતિનો નોબેલ પુરસ્કાર જીતનાર યુનુસ ભલે એક આંતરરાષ્ટ્રીય વ્યક્તિત્વ કહેવાતો હોય, પરંતુ તે છે અમેરિકાની કઠપૂતળી. આ જ કારણ છે કે આંતરરાષ્ટ્રીય સમુદાય પણ ઢાકાની હાલત પર નજર રાખીને બેઠો છે.

જોકે એક વર્ગ એવું પણ માને છે કે મોહંમદ યુનુસના દિવસો હવે પતી જવાના છે, કારણ કે વ્હાઈટ હાઉસમાં ડોનાલ્ડ ટ્રમ્પનું આગમન થઈ ગયું છે. યુનિસના બિલ ક્લિન્ટન, બરાક ઓબામા જેવા ડેમોક્રેટ રાષ્ટ્રપતિઓ સાથે સારા સંબંધો હતા, પરંતુ રિપબ્લિકન સાથે નહીં. વિકિલીક્સના કેટલાય ખુલાસા તેની સાહેદી આપે છે. એવામાં નવા રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે તેનો સંબંધ કેટલો આગળ વધી શકશે કહેવું મુશ્કેલ છે.

વચગાળાની સરકાર એટલા માટે પણ હાલત નથી સંભાળી શકતી, કારણ કે તે ભાનુમતિના પટારા જેવી છે. અલગ-અલગ ક્ષેત્રોના લોકોને તેમાં ભરી દીધા છે. તેમાં છાત્ર સંગઠનો અને જમાત-એ-ઈસ્લામી જેવા કટ્ટરવાદી પક્ષોનું ખૂબ ચલણ છે. એટલું જ નહીં, હિઝ્રમ ઉત-તહરીર, હિફાઝતે ઈસ્લમામ બાંગ્લાદેશ જેવાં કટ્ટરપંથી સંગઠનો પણ તેમાં સામેલ છે. વલી આ સરકારને અત્યાર સુધી બંધારણીય માન્યતા પણ નથી મળી શકી. અવામી લીગથી જમાત અને છાત્ર સંગઠનોની નારાજગી અત્યાર સુધી એટલે બની રહી છે, કારણ કે શેખ હસીના ભારતમાં નિર્વાસિત જીવન જીવી રહ્યાં છે. વડાપ્રધાન પદ પર રહેતાં શેખ હસીનાએ મુક્તિ સંગ્રામ (બાંગ્લાદેશ સ્વાધીનતા આંદોલન)માં જમાતે ઈસ્લામી જેવા પક્ષોની તપાસ કરવાનું એલાન કર્યું હતું અને તેના દોષી નેતાઓને ફાંસી આપી દીધી હતી. જોકે પાકિસ્તાન અને અમેરિકા જેવા દેશ હસીનાને પસંદ નહોતા કરતા, તેથી તેમણે છાત્રોના આંદોલનને હવા આપી, જે સ્વાધીનતા સેનાનીઓને અનામત આપવા વિરુદ્ધ ચાલી રહ્યું હતું.

એવું નથી કે બાંગ્લાદેશમાં ભારત-વિરોધી માનસિકતા અત્યારે જ દેખાઈ રહી છે. આ માનસિકતા પહેલેથી જ છે, ૧૯૪૭થી. ૧૯૭૧ના યદ્ધમાં પણ જેમાં બાંગ્લાદેશને પાકિસ્તાનથી મુક્તિ મળી હતી,પૂર્વ પાકિસ્તાનમાં લગભગ ૩૦ ટકા એવા લોકો હતા, જે પાકિસ્તાનના ટુકડા નહોતા ઈચ્છતા. એવા લોકોનું પ્રતિનિધિત્વ જ જમાતે ઈસ્લામી જેવા રાજકીય પક્ષો કરતા હતા. એ જ કારણ છે કે કટ્ટરપંથીઓના પ્રભાવવાળી આજની બાંગ્લાદેશી હકૂમત કશું સમજ્યા-વિચાર્યા વિના જ નિર્ણયો લઈ રહી છે. તેમાં કોઈ દેશનો નક્શો બદલવાની વાત કરે છે તો કોઈ ઈતિહાસ બદલવાની. એ તો ખબર નથી કે દેશને ક્યાં લઈ જવો છે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

# બિહારમાં ચૂંટણી પહેલા દલિતોનો મેગા પ્લાન, ૨૮ ફેબ્રુઆરીએ ગાંધી મેદાનમાં ભવ્ય મેળાવડો યોજાશે

પટણા,તા.૨૩

બિહાર વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને, રાજકીય પક્ષોએ તેમના મતદારોને એક કરવાનું શરૂ કરી દીધું છે. હિન્દુસ્તાની અવમ મોરચા (સેક્યુલર) એ ૨૮ ફેબ્રુઆરીએ ઐતિહાસિક ગાંધી મેદાનમાં દલિત સંમેલનનું આયોજન કરવાની જાહેરાત કરી છે. આ કાર્યક્રમમાં સમગ્ર બિહારમાંથી દલિત સમુદાયના લોકોનો વિશાળ મેળાવડો થશે. બિહારમાં વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને, આ દલિત મેળાવડાને ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે અને તેને હિન્દુસ્તાની અવમ મોરચા (સેક્યુલર) ના શક્તિ પ્રદર્શન તરીકે જોવામાં આવી રહ્યું છે.

એક તરફ, દલિત સંમેલન દ્વારા, કેન્દ્રીય મંત્રી જીતન રામ માંઝીના નેતૃત્વમાં હિન્દુસ્તાની અવમ મોરચા (સેક્યુલર) બિહારના દલિત મતો પર નજર રાખી રહ્યું છે. તે જ સમયે, આ કાર્યક્રમ દ્વારા, તેઓ ચૂંટણી પહેલા પોતાની તાકાત બતાવવાની તૈયારી કરી રહ્યા છે.

૨૮ ફેબ્રુઆરીએ પટણામાં યોજાનાર દલિત સંમેલનને સફળ બનાવવા માટે હિન્દુસ્તાની અવમ મોરચા (સેક્યુલર) ના કાર્યકરો પૂરજોશમાં કામ કરી રહ્યા છે. કાર્યકર્તાઓનો દાવો છે કે આ દલિત સંમેલનમાં બિહારના ખૂણે ખૂણેથી મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ એકઠા થશે.

રેલીમાં લોકોને આમંત્રણ આપવા માટે, હિન્દુસ્તાની અવમ મોરચા (સેક્યુલર) વિવિધ સ્થળોએ પ્રચાર અભિયાન પણ ચલાવી રહ્યું છે અને લોકોને રેલી વિશે માહિતી આપવામાં આવી રહી છે.

લોકોને રેલીમાં આમંત્રણ આપવા માટે, રાષ્ટ્રીય અધ્યક્ષ સંતોષ સુમને ગુરુવારે ૧૨ સ્ટેન્ડ રોડ પરથી પ્રચાર વાહનને લીલી ઝંડી આપી હતી. રાષ્ટ્રીય અધ્યક્ષ સંતોષ સુમને આ પ્રસંગે જણાવ્યું હતું કે દલિત મેળાવડો ઐતિહાસિક રહેશે. સમગ્ર બિહારમાંથી દલિત સમુદાયના લોકો ગાંધી મેદાનમાં હાજર રહેશે અને હમના નેતૃત્વમાં એનડીએ ને મજબૂત બનાવશે. રથને વિદાય આપતી વખતે, હમ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ. સંતોષ માંઝીએ કહ્યું કે દલિત સંમેલન દ્વારા તેઓ દલિતોની માંગણીઓ ઉઠાવશે. માતા સાબરી સન્માન યોજના હેઠળ, અમે દર મહિને ૨૦૦૦ રૂપિયા અને છોકરીઓ માટે મફત શિક્ષણની માંગ કરીશું. તેમણે કહ્યું કે દલિત સંમેલન દ્વારા શિક્ષા સેવક, કૂક, આશા દીદી, મમતા દીદી, તોલા સેવક અને વિકાસ મિત્રના સંપૂર્ણ સમાયોજનની માંગ કરવામાં આવશે.

તેમણે કહ્યું કે દલિત સંમેલન દ્વારા ૨૦૦ યુનિટ સુધી મફત વીજળી, દર મહિને ૫૦૦૦ રૂપિયા બેરોજગારી ભથ્થું, શ્રમવીર પર્વત પુરુષ બાબા દશરથ માંઝી અને પ્રથમ મુખ્યમંત્રી શ્રી કૃષ્ણ સિંહને ભારત રત્નથી સન્માનિત કરવાની માંગ પણ કરવામાં આવશે.

દલિત મેળાવડા વિશે જાગૃતિ ફેલાવવા અને રથના પ્રસ્થાન પ્રસંગે, હમના મુખ્ય રાષ્ટ્રીય પ્રવક્તા શ્યામ સુંદર શરણ, રાજન સિદીકી, સ્મિતા સિંહા, કમલ પરવેઝ, રાજેશ પટેલ, અનિલ રજક, આકાશ કુમાર, નીરજ પટેલ, અવિનાશ કુમાર, સાકેત યાદવ, શ્રવણ કુમાર અને અન્ય સેંકડો કાર્યકરો હાજર રહ્યા હતા.

# આસામમાં કોંગ્રેસના સાંસદ પર બેટથી હુમલો,૧૦ શંકાસ્પદોની ઓળખ થઈ ગઈ છે,મુખ્યમંત્રી

ગુવાહાટી,તા.૨૩

ધુબરીથી કોંગ્રેસના લોકસભા સાંસદ રકીબુલ હુસૈન અને તેમના અંગત સુરક્ષા અધિકારીઓ (પીએસઓ) પર ગુરુવારે આસામના નાગાંવ જિલ્લાના રુપોહીહાટ ખાતે અજાણ્યા વ્યક્તિઓ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. આજે આ મામલે આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં કુલ ૧૦ લોકોની ઓળખ કરવામાં આવી છે. ×કોંગ્રેસ સાંસદ રકીબુલ હુસૈન પર હુમલાની કથિત ઘટનામાં સંડોવાયેલા વ્યક્તિઓની પોલીસે ઓળખ કરી લીધી છે,× સીએમ હિમંતા બિસ્વા શર્માએ 'એકસ' પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું. આરોપીઓના નામ અને સ્થાન શેર કરતાં તેમણે કહ્યું કે પોલીસ કાયદા મુજબ કાર્યવાહી કરશે.

હકીકતમાં, ગુરુવારે નાગાંવ જિલ્લાના રૂપાહીહાટ વિસ્તારમાં 'રકીબુલ હુસૈન પાછા જાઓ' ના નારા લગાવતા માસ્ક પહેરેલા બદમાશોએ ધુબરી લોકસભા મતવિસ્તારના કોંગ્રેસના સાંસદ હુસૈન, તેમના પુત્ર તંજીલ અને તેમના પીએસઓ પર હુમલો કર્યો હતો. સાંસદને ક્રિકેટ બેટથી વાગ્યું હતું, પરંતુ તેઓ સુરક્ષિત રીતે બચી ગયા હતા. જોકે, તેમના બે પીએસઓને સામાન્ય ઈજાઓ થઈ હતી. હુમલા બાદ, સીએમ હિમંતા બિસ્વા સરમાએ ગુરુવારે વિધાનસભામાં કહ્યું હતું કે સાંસદની સુરક્ષા જિલ્લામાં, ખાસ કરીને સમાગુરી અને રૂપાહીહાટ વિસ્તારોમાં વધારી દેવામાં આવશે. શુક્રવારે સમગ્ર વિપક્ષે આ મુદ્દા પર રાજ્ય સરકારની ટીકા કરી અને કહ્યું કે આ ×લોકશાહીની હત્યા× છે અને આસામમાં ×જંગલ રાજ અને ગુંડા રાજ× ચાલવા દેવામાં આવશે નહીં.

પોલીસે ઘટનાની તપાસ શરૂ કરી દીધી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે વિગતવાર માહિતીની રાહ જોવાઈ રહી છે. સાંસદ રકીબુલ હુસૈને ગયા વર્ષે ધુબરી લોકસભા બેઠક પરથી ૧૦ લાખથી વધુ મતોના રેકોર્ડ માર્જિનથી જીત મેળવી હતી. તેમના પુત્રએ સમાગુરી વિધાનસભા મતવિસ્તાર માટે પેટાચૂંટણી લડી હતી, જેનું હુસૈન પાંચ વખત પ્રતિનિધિત્વ કરી ચૂક્યા છે. તેઓ ભાજપના ઉમેદવાર દીપુ રંજન શર્મા સામે હારી ગયા. ગયા વર્ષે નવેમ્બરમાં થયેલી પેટાચૂંટણી દરમિયાન આ મતવિસ્તાર અને આસપાસના વિસ્તારોમાં હિંસાની ઘણી ઘટનાઓ જોવા મળી હતી. તમને જણાવી દઈએ કે આસામમાં પહેલીવાર વિધાનસભા સત્ર ગુવાહાટીની બહાર યોજાઈ રહ્યું છે.

# ભાજપ સરકાર દિલ્હીમાં મોહલ્લા ક્લિનિક્સની તપાસ કરશે મંત્રીની જાહેરાત

નવીદિલ્હી,તા.૨૩

દિલ્હીના આરોગ્ય અને પરિવહન મંત્રી ડૉ. પંકજ સિંહે શુક્રવારે કાર્યભાર સંભાળ્યો. મંત્રાલયનો કાર્યભાર સંભાળતી વખતે પંકજ સિંહે કહ્યું કે અમે ગઈકાલથી જ અમારું કામ શરૂ કરી દીધું છે. અમે જે પણ વચન આપ્યું છે તે હું તમને ખાતરી આપું છું. તે પૂર્ણ થશે. પીએમ મોદી દ્વારા જનતાને આપવામાં આવેલા તમામ વચનો પૂરા કરવામાં આવશે.

મંત્રીએ કહ્યું કે મોહલ્લા ક્લિનિક અંગે ઘણી ફરિયાદો છે. અમે તેની તપાસ કરાવીશું. પંકજ સિંહે સ્પષ્ટ કહ્યું કે અમે દિલ્હીમાં ચાલી રહેલી યોજનાઓ બંધ નહીં કરીએ પરંતુ તપાસ કરીને સત્ય બહાર લાવીશું અને ભ્રષ્ટાચાર કરનારાઓ પાસેથી પૈસા વસૂલ કરીશું. મંત્રી પંકજ સિંહે જનતાને વચન આપ્યું હતું કે અમે દિલ્હીમાં લોકોને શ્રેષ્ઠ આરોગ્ય સેવાઓ પૂરી પાડીશું.

પંકજ સિંહે કહ્યું કે મને માહિતી મળી છે કે દિલ્હીમાં વર્ષોથી બસો ખરીદવામાં આવતી નહોતી પરંતુ બસોની પાછળ જાહેરાતો છાપવામાં આવતી હતી. આ બધું કોણે કર્યું તેની જવાબદારી નક્કી કરવામાં આવશે. બસોમાં મહિલાઓ માટે મફત મુસાફરી ચાલુ રહેશે. અમે જનતાની સેવા કરવા આવ્યા છીએ. મારા શપથ ગ્રહણ સમારોહના બે દિવસ પહેલા મારી માતાનું અવસાન થયું. હવે પાર્ટી મારી માતાની છે. આપણે તેની સેવા કરીશું.

દરમિયાન, નવી રચાયેલી દિલ્હી કેબિનેટમાં સમાવિષ્ટ બાવાના ધારાસભ્ય રવિન્દ્ર ઈન્દ્રરાજ સિંહે શુક્રવારે કહ્યું કે મંત્રી તરીકે તેઓ ગ્રામીણ વિસ્તારોમાં વિકાસને પ્રાથમિકતા આપશે. દિલ્હી સરકારમાં સમાજ કલ્યાણ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ કલ્યાણ, સહકાર અને ચૂંટણી જેવા વિભાગો સંભાળતા સિંહે કહ્યું કે તેઓ ભવિષ્યના પડકારોને સમજે છે.

તેમણે કહ્યું, ''અહીં રહીને હું સમસ્યાઓને જાતે જાણું છું. વિકાસને પ્રાથમિકતા આપવામાં આવશે. તેમણે ખાતરી આપી હતી કે ચૂંટણીમાં તેમની જીતમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવનારા ગ્રામીણ વિસ્તારોમાં પ્રગતિ કરવામાં આવશે. તેમણે કહ્યું, ''મને મળેલા મતોને હું લોકોના આશીર્વાદ માનું છું અને હું ખાતરી કરીશ કે વિકાસ દરેક ખૂણે પહોંચે.

# હરિયાણા કોંગ્રેસની મોટી કાર્યવાહી, મ્યુનિસિપલ ચૂંટણી પહેલા ૭ નેતાઓને પાર્ટીમાંથી હાંકી કાઢવામાં આવ્યા

ચંડીગઢ,તા.૨૨

હરિયાણા કોંગ્રેસે પક્ષ વિરોધી પ્રવૃત્તિઓ બદલ તેના સાત નેતાઓને હાંકી કાઢ્યા. હરિયાણા કોંગ્રેસની આ મોટી કાર્યવાહી એવા સમયે થઈ છે જ્યારે રાજ્યમાં આવતા મહિને મ્યુનિસિપલ ચૂંટણીઓ યોજાવા જઈ રહી છે. હરિયાણા પ્રદેશ કોંગ્રેસ પ્રમુખના આદેશ મુજબ, તમામ સાત નેતાઓને તાત્કાલિક અસરથી ૬ વર્ષ માટે પાર્ટીમાંથી હાંકી કાઢવામાં આવ્યા છે.



હરિયાણા પ્રદેશ કોંગ્રેસના વડા ઉદય ભાન દ્વારા જારી કરાયેલા આદેશમાં કહેવામાં આવ્યું હતું કે કોર્પોરેશન ચૂંટણી પ્રક્રિયા દરમિયાન, તેઓ તાજેતરના સમયમાં પક્ષ વિરોધી પ્રવૃત્તિઓમાં સામેલ હોવાનું જાણવા મળ્યું છે. તે જ સમયે, સંબંધિત અહેવાલ પ્રાપ્ત થયા પછી, તમામ સાત નેતાઓને આગામી છ વર્ષ માટે તાત્કાલિક અસરથી પક્ષમાંથી હાંકી કાઢવામાં આવે છે.

પાર્ટી દ્વારા હાંકી કાઢવામાં આવેલા લોકોમાં કરનાલ જિલ્લા કોંગ્રેસ સમિતિના ભૂતપૂર્વ પ્રમુખો તરલોચન સિંહ અને અશોક ખુરાના, યમુનાનગરમાં પાર્ટી નેતાઓ પ્રદીપ ચૌધરી અને મધુ ચૌધરી, હિસારના વરિષ્ઠ નેતા રામ નિવાસ રારા, ગુરુગ્રામમાં પાર્ટી નેતાઓ હરવિંદર અને રામ કિશન સૈનનો સમાવેશ થાય છે.

રામ નિવાસ રારા અને ભૂતપૂર્વ ડીસીસી પ્રમુખ તરલોચન સિંહ તાજેતરમાં જ શાસક ભાજપમાં જોડાયા હતા. ગયા વર્ષે વિધાનસભા ચૂંટણીમાં રારા હારી ગયા હતા, જ્યારે ૨૦૧૯ની વિધાનસભા ચૂંટણીમાં કરનાલ વિધાનસભા બેઠક પરથી તરલોચન સિંહને ભૂતપૂર્વ મુખ્યમંત્રી મનોહર લાલ ખટ્ટરથી હારનો સામનો કરવો પડ્યો હતો. ગયા વર્ષે યોજાયેલી પેટાચૂંટણીમાં તરલોચન સિંહ મુખ્યમંત્રી નાયબ સિંહ સૈની સામે હારી ગયા હતા.

હરિયાણામાં મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીઓ બે તબક્કામાં યોજાવાની છે. ચૂંટણીનો પ્રથમ તબક્કો ૨ માર્ચે અને બીજો તબક્કો ૯ માર્ચે યોજાશે. જ્યારે પરિણામો ૧૨ માર્ચે જાહેર કરવામાં આવશે. હરિયાણાના ૮ માંથી ૭ મ્યુનિસિપલ કોર્પોરેશનો, ગુરુગ્રામ, માનેસર, ફરીદાબાદ, હિસાર, કરનાલ, રોહતક અને યમુનાનગર માટે ૨ માર્ચે ચૂંટણી યોજાશે. જ્યારે પાણીપત મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી ૯ માર્ચે યોજાશે. આ સાથે, રાજ્યની ૩૩ મ્યુનિસિપલ સંસ્થાઓ, ચાર મ્યુનિસિપલ પરિષદો અને ૨૧ મ્યુનિસિપલ સમિતિઓ માટે પણ ચૂંટણી યોજાશે.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષ:** તમારે કડવાશને મીઠાશમાં રૂપાંતરિત કરવાની કળા શીખવી પડશે. તમને તમારા જીવનસાથી તરફથી સહયોગ મળશે. સંતાન તરફથી નિરાશાજનક સમાચાર મળી શકે છે.

**વૃષભ:** આજે તમને પારિવારિક અને આર્થિક મામલામાં સફળતા મળશે. આજીવિકાના ક્ષેત્રે ચાલી રહેલા નવા પ્રયત્નો ફળદાયી બનશે. કર્મચારીઓનો આદર અને સહયોગ પણ પૂરતો રહેશે. સાંજના સમયે કોઈ ઝઘડામાં ના પડો.

**મિથુન:** આજે તમારો દિવસ મિશ્રિત રહેશે, પરંતુ સ્વાસ્થ્ય નરમ રહેશે. કોઈ પ્રતિકૂળ સમાચાર સાંભળીને તમારે અચાનક પ્રવાસ પર જવું પડી શકે છે. તમારી વાતોને લીધે કોઈની સાથે મતભેદો અને વિવાદ થઈ શકે છે.

**કર્ક:** આજનો દિવસ સંતોષપૂર્ણ અને શાંતિપૂર્ણ બની રહી શકે છે. રાજકીય ક્ષેત્રે કરવામાં આવેલા પ્રયત્નોથી સફળતા મળશે. સરકાર અને સત્તા વચ્ચેના જોડાણનો લાભ તમને મળી શકે છે. અધિકારી વર્ગથી તમને નોકરીમાં સહયોગ મળશે. નવી ડીલ દ્વારા પ્રતિષ્ઠા વધી શકે છે.

**સિંહ:** આજનો દિવસ પુત્ર, પુત્રીની ચિંતા અને તેમના કાર્યોમાં વિતાવશો. વિવાહિત જીવનમાં ઘણા દિવસોથી ચાલી રહેલી સમસ્યા સમાપ્ત થઈ જશે. આજે સંબંધીઓ સાથએ વ્યવહાર ના કરો, સંબંધો ખરાબ થવાની સંભાવના છે.

**કન્યા:** આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ સાથે નિકટતા અને જોડાણનો લાભ પણ તમને મળશે. સાસરિયા તરફથી પૂરતી રકમ મળી શકે છે. સાંજથી રાત સુધી સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લેવાની તકો મળશે.

**તુલા:** આજે તમારી આસપાસ કોઈ સુખદ વાતાવરણ રહેશે. પરિવારના બધા સભ્યોની ખુશીમાં વધારો થશે. કેટલાક મોટા વ્યવહારોની સમસ્યા જે ઘણા દિવસોથી ચાલી રહી છે તે ઉકેલાઈ શકે છે.

**વૃશ્ચિક:** આજે વૃશ્ચિક રાશિના લોકોએ તેમના સ્વાસ્થ્યનું વધુ ધ્યાન રાખવું પડશે. વાયુ વિકારની ફરિયાદો હોઈ શકે છે. બ્લડ પ્રેશરના દર્દીઓના રોગમાં વધારો થઈ શકે છે. નોકરી-વ્યવસાયની દ્રષ્ટિએ દિવસ મિશ્રિત રહેશે.

**ધન:** આજની સ્થિતિમાં મન વિચલિત રહી શકે છે. આવકના નવા સ્ત્રોત સર્જાશે પરંતુ માનસિક મૂંઝવણને કારણે તમે લાભથી વંચિત રહી શકો છો. નમ્રતા-વાણીથી આદર મળશે. તમને શિક્ષણ અને સ્પર્ધામાં વિશેષ સફળતા મળશે.

**મકર:** આજે આજીવિકાના ક્ષેત્રે પ્રગતિ થશે. રાજ્યની પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. સંતાનની જવાબદારી નિભાવી શકાય છે. મુસાફરીની સ્થિતિ સુખદ અને લાભકારી રહેશે.

**કુંભ:** આજે તમને ભાગ્યનો સહયોગ મળશે. રોજગાર-વ્યવસાયના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયત્નોમાં કલ્પનાત્મક સફળતા પ્રાપ્ત થશે. સંતાન તરફથી પણ સંતોષકારક સુખદ સમાચાર મળશે.

**મીન:** આજે કોઈ કિંમતી વસ્તુની ચોરીનો ભય રહેશે. બાળકોના શિક્ષણમાં અથવા કોઈપ ણ સ્પર્ધામાં સફળતાના સમાચારોને લીધે મનમાં આનંદ થશે. કોઈપણ અટકેલા કામ સાંજે પૂર્ણ થશે. રાત્રે શુભ કાર્યોમાં ભાગ લેવાનું સૌભાગ્ય મળશે.

## ફિલ્મી ગપશપ

# સુપર સ્ટાર શાહરૂખ ખાનના ઘરમાં ઘુસનારો શખ્સ ગુજરાતમાંથી ઝડપાયો



એક વર્ષ પહેલા સુપર સ્ટાર શાહરૂખખાનના મકાનના ત્રીજા માળ સુધી પહોંચનાર ઈસમને ભરૂચ પોલીસે મોના પાર્ક સોસાયટીના નિવૃત્ત આર્મી જવાનના મકાનમાં થયેલી ચોરીના ગુનામાં ઝડપી પાડ્યા છે. પોલીસે તેમની પાસેથી ચોરીમાં ગયેલો મુદ્દામાલ રિકવર કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ શહેરના પશ્ચિમ વિસ્તારમાં મોનાપાર્ક સોસાયટીમાં રહેતા નિવૃત્ત આર્મી જવાન સિરાજ મહેતાના ઘરમાં અજાણ્યા તસ્કરોએ પ્રવેશી આઠ તોલા સોનાના દાગીના ચાંદી તથા રોકડા સવા બે લાખની મત્તા ઉપર હાથ ફેરો કર્યો હોવાની ફરિયાદ બી ડિવિઝન પોલીસમાં મથકમાં નોંધાઈ હતી. આ મામલે બી ડિવીઝન પોલીસ મથકના પીઆઈ આર.એમ. વસાવાએ અલગ અલગ ટીમો બનાવી સીસીટીવી ફૂટેજ તપાસી તલાસ હાથ ધરી હતી.

જેમાં પોલીસે માહિતીના આધારે ચોરીને અંજામ આપનાર રામ સ્વરૂપ સુખરાજ કુશવાહા ઉંમર વર્ષ ૨૧ હાલ રહેવાસી ગોલ્ડન શોપિંગ આમોદ, મૂળ રહે વાટા ફળિયુ આમોદ અને મોના પાર્ક સોસાયટીમાં રહેતા મિન્હાઝ સિંધાને ઝડપી પાડ્યા હતા. પોલીસે તેઓની પાસેથી ચોરીમાં ગયેલો રૂપિયા ૨.૭૪ લાખનો મુદ્દામાલ રિકવર કર્યો હતો. બંને આરોપીઓને કોર્ટ સમક્ષ રજૂ કરીને રિમાન્ડ મેળવાની કવાયત હાથ ધરી છે.

જોકે આરોપીઓની પૂછતાછમાં પોલીસને એક ચોંકાવનારી વિગત પણ જણાવા મળી હતી, જેમાં આરોપી રામ સ્વરૂપ કુશવાહાએ એક વર્ષ અગાઉ મુંબઈના જુહુ વિસ્તારમાં રહેતા સુપર સ્ટાર શાહરૂખ ખાનના બંગલો મન્નતની હાઈ સિક્યુરિટી તોડીને છેક ત્રીજા માળ સુધી પહોંચ્યો હોવાનું પણ જાણવા મળ્યું છે. જેમાં તેને શાહરૂખ ખાનના પત્ની ગૌરી ખાન જોઈ જતા તેને સ્થાનિક પોલીસના હવાલે કરતાં તેના પર ત્યાં પોલીસ ફરિયાદ પણ દાખલ થઈ હોવાનું જાણવા મળ્યું છે. જોકે હાલમાં તો પોલીસે બંને વિરુદ્ધ ચોરીની ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# નગરદેવી ભદ્રકાળી માતાનાં માનમાં અમદાવાદ ખાતે ૨૬ ફેબ્રુઆરીએ ભવ્ય નગરયાત્રાનું આયોજન

અમદાવાદ ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ એક ભવ્ય નગરયાત્રાનું આયોજન કરવા માટે તૈયાર છે, જે શહેરના નગર દેવી ભદ્રકાળી માતાના માનમાં એક



ઐતિહાસિક ધાર્મિક પ્રસંગ છે. આ પ્રદેશની સાંસ્કૃતિક અને આધ્યાત્મિક પરંપરાઓમાં ઊંડી રીતે જોડાયેલી છે, શહેરના ૬૧૪ વર્ષના ઈતિહાસમાં પ્રથમ વખત યોજાઈ રહેલા યોજાઈ રહ્યો છે,આ કાર્યક્રમમાં અમદાવાદના ઐતિહાસિક સ્થળો દ્વારા ભવ્ય શોભાયાત્રામાં હજારો શ્રદ્ધાળુઓ ઉમટી પડે તેવી અપેક્ષા છે.

અમદાવાદના સ્થાપના દિવસને અનુલક્ષીને ધર્મરક્ષા ફાઉન્ડેશન અને મેવિન્સ મારકોમ આ ભવ્ય નગર યાત્રાનું આયોજનમા મહત્વનો ભાગ ભજવ્યો છે. આ કાર્યક્રમ શહેરના મૂળને સન્માન આપવા તેમજ તેના સ્થાયી સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસાની ઉજવણીનું કામ કરે છે. ૨૬ ફેબ્રુઆરી અમદાવાદ માટે વિશેષ મહત્વ ધરાવે છે, જે તેની વૃદ્ધિ, સમૃદ્ધિ અને ઊંડી રીતે સ્થાપિત પરંપરાઓનું પ્રતીક છે.

અમદાવાદના સૌથી પવિત્ર સ્થળોમાંનું એક ભદ્રકાળી મંદિર શહેરના રહેવાસીઓ માટે ભક્તિનું કેન્દ્ર બિંદુ છે. દેવી ભદ્રકાળી, જેને વ્યાપકપણે ‘નગર દેવી‘ અથવા શહેરના રક્ષક દેવી તરીકે પૂજનીય માનવામાં આવે છે, તે શહેરને રક્ષણ, સમૃદ્ધિ અને સુખાકારીના આશીર્વાદ આપે છે તેવું માનવામાં આવે છે. દેવી શક્તિ અને જ્ઞાનના પ્રતીક તરીકે પૂજનીય છે તેમની ચરણ પાદુકાને એક ભવ્ય શોભાયાત્રામાં સુંદર રીતે શણગારેલા રથ પર લઈ જવામાં આવશે, જેમાં હજારો ભક્તો દ્વારા પ્રાર્થના અને સ્તોત્રોનો જાપ કરવામાં આવશે.

ભદ્રકાળી મંદિરથી સવારે ૮:૦૦ વાગ્યે શરૂ થનારી આ ભવ્ય યાત્રા ત્રણ દરવાજા, માણેક નાથ મંદિર, એએમસી ઓફિસ, જગન્નાથ મંદિર, મહાલક્ષ્મી મંદિર, ગણેશ મંદિર, લાલ દરવાજા, વીજળી ઘર અને બહુચરાજી મંદિર સહિતના શહેરના અગ્રણી સ્થળોમાંથી પસાર થશે અને ત્યારબાદ બપોરે ૧૨:૩૦ વાગ્યાની આસપાસ ભદ્રકાળી મંદિર ખાતે સમાપન થશે. આરતી અને પ્રાર્થના જેવી ધાર્મિક વિધિઓ માર્ગ પરના મુખ્ય સ્થળોએ થશે, છેલ્લે માતાજીનો ભંડારો થશે, જેમાં બધા ભક્તો માટે સમૂહ ભોજન હશે.

શ્રી રામબલી પ્રાગ તિવારી ટ્રસ્ટ અને ભદ્રકાલી મંદિરના ટ્રસ્ટી શશિકાંત તિવારીએ જણાવ્યું હતું કે, “અમદાવાદના સ્થાપના દિવસ નિમિત્તે નગરયાત્રા શહેરના લોકો માટે એકતા અને ભક્તિનો સમય છે.આ ફક્ત એક ધાર્મિક પ્રસંગ નથી પરંતુ આપણા સહિયારા વારસા અને શ્રદ્ધાનો ઉત્સવ છે.અમે તમામ રહેવાસીઓ અને મુલાકાતીઓને માં ભદ્રકાળીનું સન્માન કરવા અને તેમના દિવ્ય આશીર્વાદનો અનુભવ કરવા માટે જોડાવા આમંત્રણ આપીએ છીએ”

મેયર પ્રતિભા જૈને જણાવ્યું હતું કે, ‘અમદાવાદના સ્થાપના દિવસ પર આ નગરયાત્રાનું આયોજન કરવા બદલ હું આયોજકોને અભિનંદન આપું છું. શહેરની રક્ષક દેવી ભદ્રકાળીની ભવ્ય યાત્રા ૬૧૪ વર્ષના અંતરાલ પછી થઈ રહી છે. આ વર્ષે, આ દિવસે મહા શિવરાત્રીનો શુભ અવસર પણ છે, જે યાત્રાને વધુ ખાસ બનાવે છે.’

સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન દેવાંગ દાણીએ આ પ્રયાસોની પ્રશંસા કરી અને કહ્યું, ‘AMC લાંબા સમયથી રાહ જોવાતી આ ઈવેન્ટ સાથે જોડાવાનો ગર્વ અનુભવે છે. અમે યાત્રા કોઈપણ મુશ્કેલી વિના પૂર્ણ થાય તે માટે તમામ પ્રયાસો કરી રહ્યા છીએ.’

આ શોભાયાત્રામાં લગભગ ૫,૦૦૦ સહભાગીઓ ભાગ લે તેવી અપેક્ષા છે, જે તેને એક નોંધપાત્ર આધ્યાત્મિક અને સાંસ્કૃતિક ઉત્સવ બનાવશે અને તેના સંરક્ષક દેવતા પ્રત્યે શહેરની ભક્તિને મજબૂત બનાવે છે. શહેર તમામ ભક્તોને આ પવિત્ર કાર્યક્રમમાં ભાગ લેવા અને આપણા આધ્યાત્મિક વારસા પર ચિંતન કરવા તેમજ ઉત્સવ અને સામૂહિક ભક્તિની ભાવનાને અપનાવવા માટે સ્વાગત કરે છે.

## બજેટ બાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની વેપાર ઉદ્યોગ સંગઠનો સાથે બેઠક

# કન્વેનશન સેન્ટર માટે જરૂર પડયે ૫૦ કરોડથી વધુ ફાળવાશે : ભૂપેન્દ્ર પટેલ

## ૭ વર્ષે પ્રોજેક્ટ માટે પ્રક્રિયા : જમીનની શોધ માટે કલેક્ટર તંત્રને સુચના : રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સે સિક્સ - લેન પ્રોજેક્ટ, ઉદ્યોગોને ઈમ્પેક્ટ ફીના મુદ્દા પણ ઉઠાવ્યા

(ગરવી તાકાત) અમદાવાદ તા.૨૩

ગુજરાત સરકારના નવા નાણાંકીય વર્ષનાં બજેટમાં નવા એકસપ્રેસ-વે, ઈકોનોમી હબ સહિતની કેટલીક યોજનાઓ જાહેર કરવામાં આવી હતી. તેમાં રાજકોટનાં કન્વેનશન સેન્ટર પ્રોજેકટનો પણ સમાવેશ કરાયો છે.

આ માટે ૫૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. બજેટ બાદ વેપાર ઉદ્યોગકારો સાથેની બેઠક બાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્રોજેકટ માટે વધુ નાણાકીય જરૂર પડે તો તે આપવાની પણ તૈયારી બતાવી હતી.

વિધાનસભામાં નાણાપ્રધાન કનુભાઈ દેસાઈએ ૨૦૨૫-૨૬ ના નાણાં વર્ષનું બજેટ રજુ કર્યુ હતું.ત્યારબાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજયના ટોચના વેપાર ઉદ્યોગ સંગઠનોનાં પ્રતિનિધિઓ સાથે બેઠક કરીને અંદાજપત્રનું વિશ્લેષણ કર્યું હતું.

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ વી.પી.વૈષ્ણવ, કુમનલાલ વરસાણી હાજર હતા. આ સિવાય ગુજરાત ચેમ્બર, ભાવનગર, અમદાવાદ, જામનગર જેવા સેન્ટરોનાં વેપાર ઉદ્યોગ પ્રતિનિધિઓ પણ મૌજુદ હતા.




મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વેપાર ઉદ્યોગનાં વિકાસ તથા વિવિધ યોજના અને ફાળવણી વિશે વાકેફ કર્યા હતા અને ગ્રોથ એન્જીન ગણાતા ગુજરાતનો જેટ ઝડપે વિકાસ કરવાનું લક્ષ્ય હોવાનું કહ્યું હતું.

રાજકોટનાં કન્વેનશન સેન્ટર માટે ૫૦ કરોડની ફાળવણીનો ઉલ્લેખ કર્યો હતો. રાજકોટના પ્રતિનિધિઓએ નાણાં ઓછા પડવાનો નિર્દેશ કરતા મુખ્યમંત્રીએ જરૂર મુજબ વધુ નાણાં ફાળવવાનું આશ્વાસન આપ્યુ હતું.

**આજ રીતે રાજય સરકાર દ્વારા રહેણાંકમાં ગેરકાયદે બાંધકામને કાયદેસર કરતો ઈમ્પેકટ કાયદો લાગુ કરાયો છે. ઉદ્યોગોને પણ તેનો લાભ આપવાની માંગ કરી હતી.**

રાજકોટનાં કન્વેશન સેન્ટર માટે હવે જમીન શોધવા કલેકટર તંત્રને સુચના મળ્યે પ્રક્રિયા આગળ ધપશે. મોટાભાગે વેપાર ઉદ્યોગનાં પ્રતિનિધિઓને સાથે રાખીને પ્રક્રિયા થવાના સંકેત છે. અત્રે ઉલ્લેખનીય છે કે ચેમ્બર ઓફ કોમર્સ સહિતના વેપાર ઉદ્યોગ સંગઠનો છેલ્લા ૭-૮ વર્ષથી કન્વેનશન સેન્ટર માટે રજુઆત કરતા હતા.

પરંતુ સરકાર તરફથી આશ્વાસન સિવાય કાંઈ મળતુ ન હતું. બે બજેટમાં તે માટે ૫૦ કરોડની ફાળવણી થતાં આનંદની લાગણી છે.

કન્વેનશન સેન્ટર સ્થાપનાથી માત્ર રાજકોટ જ નહિં સમગ્ર સૌરાષ્ટ્ર માટે વિકાસનાં નવા દ્વાર ખુલવાનો દાવો કરવામાં આવી રહ્યો છે.

રાજકોટનાં પ્રતિનિધિઓએ બેઠકમાં મુખ્યમંત્રી સમક્ષ અન્ય કેટલાક પ્રશ્નો પણ ઉપસ્થિત કર્યા હતા. રાજકોટ-અમદાવાદ સિકસલેન હાઈવે પ્રોજેકટ છે. વર્ષથી પૂર્ણ થતા નથી.

હાલ કુવાડવા પાસેનાં બ્રીજની મડાગાંઠથી કામ થઈ શકતુ નથી. આ મુદાનો ઉકેલ લાવીને પ્રોજેકટ ઝડપથી પૂર્ણ કરવા માંગ કરી હતી.

આજ રીતે રાજય સરકાર દ્વારા રહેણાંકમાં ગેરકાયદે બાંધકામને કાયદેસર કરતો ઈમ્પેકટ કાયદો લાગુ કરાયો છે. ઉદ્યોગોને પણ તેનો લાભ આપવાની માંગ કરી હતી.

અમદાવાદનાં ધોરણે રાજકોટમાં એમએસએમઈ ભવન માટે જગ્યા ફાળવવા રજુઆત કરી હતી. જીએસટીનાં સ્થાનિક પ્રશ્નો કાઉન્સીલમાં રજુ થઈ શકે અને નાણામંત્રીને વાકેફ કરી શકાય તે માટે સરકાર વેપાર ઉદ્યોગ સંગઠનોની સંકલન સમિતિ બનાવવા માંગ કરવામાં આવી હતી.

# જયાં સુધી જીવન છે ત્યાં સુધી પ્રેમથી રહો.. તે પછી ફ્રેમમાં રહેવાનું જ છે...!



યશપાલસિંહ ટી.વાઘેલા
દરબાર ગઢ થરા

આજે રજાનો દિવસ રવિવાર એટલે મૌજ મસ્તી..રવિવારની મગજમાં એવી ગોઠવણી થઈ ગઈ છે કે બસ આજે બીજી કોઈ ગડમથલ નહીં આરામ. તો આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો ભક્તને પોતાના સુખ નો વિચાર કરવાનો નહીં. કેવળ ઠાકોરજીના સુખનો જ વિચાર કરવો.આ છે પુષ્ટિમાર્ગ.આ છે પુષ્ટિ ભક્તિ.મનને શ્રીકૃષ્ણમાં પરોવી રાખો તો કનૈયો તમારા હૃદયમાં જાગશે જ.આ એનો કૉલ છે,જે હજારો વર્ષથીપળાતો આવ્યો છે.શ્રીકૃષ્ણનું કીર્તન કરતાં આંખો ઊઘાડી હોવા છતાં જગત ભૂલાય છે અને પ્રભુ સાથે તન્મય થવાય છે.યોગીઓ આંખો બંધ કરી બ્રહ્મચિંતન કરી જગતને ભૂલવા પ્રયત્ન કરે છે.છતાં જગત ને જલદી ભૂલાતું નથી,જયારે ભક્તો તે સહેલાઈથી કરી શકે છે તન,મન અને વાણીથી એક થઈ ભગવાનની પાછળ પડે તો ભગવાન પકડાયા વિના રહે નહીં. એવી રીતે પકડાવું ભગવાનને ગમે પ્રેમથી સ્મરણ કરો તો શ્રીકૃષ્ણ પ્રેમમાં હૃદય પીગળે,એટલે આનંદ મળે છે.આનંદ એ બ્રહ્મનું સ્વરૂપ છે, શ્રીકૃષ્ણનું સ્વરૂપ છે. શ્રીકૃષ્ણ આનંદસ્વરૂપ છે, પ્રેમ સ્વરૂપ છે. કનૈયો ઘૂંટણીએ ચાલતાં મા પાસે આવ્યો.માને કહે,મા,મને ભૂખ લાગી છે.ખાવા આપ.યશોદાએ જે કામહાથમાં લીધેલું તે મૂકવાનું મન થતું નથી.તે ધ્યાન આપતાં નથી.

કનૈયો રડવા લાગ્યો. તરત માએ કામ મૂકી કનૈયાને ગોદમાં લીધે અને ધવડાવવા લાગ્યાં. દૂધની ધારા છૂટી.ભક્તિમાં હૃદય પીગળે એટલે આનંદ થાય.આનંદ ઈશ્વર નું સ્વરૂપ છે. યશોદા એ જીવ છે, શ્રીકૃષ્ણ એ પરમાત્મા છે. યશોદા બાળકને ધવડાવતા નથી. યશોદા બાલકૃષ્ણને ગોદમાં લઈપરમાત્મા સાથે એક થયાં છે,તેમને બ્રહ્મ સંબંધ થયો છે.આ અદ્વૈતની કથા છે. જીવ અને બ્રહ્મનું આ મિલન છે. જીવ અને બ્રહ્મનું મિલન થાય ત્યારે તેનું મન ચૂલા ઉપર જાય છે ઈશ્વર મિલનનો પ્રસંગ આવેત્યારે વિષયો મનમાં આવવાનું કરે છે.

સ્તનપાન કરતાં કરતાં આજે કનૈયાને માતાની પરીક્ષા કરવાની, એટલે કે માતાનો હું વહાલો ફૂંકે આ સંસાર વહાલો છે તે જોવાની ઈચ્છા થઈ.

પરમાત્મા કસોટી કરે છે?અને પછી કૃપા કરે છે. શ્રીકૃષ્ણ કોઈને પણ કસોટી કર્યા વગરઅપનાવતા નથી. ઈશ્વર દરેક જીવની પરીક્ષા કરે છે. ઈશ્વર એવી ઈચ્છા રાખે છે કે, જીવ મારી સાથે વધારે પ્રેમ કરે. ઈશ્વરનો પટ્ટો ગળામાં રાખ્યો તે પછી ઈશ્વર સિવાય બીજામાં પ્રેમ ન કરે. ઈશ્વર “અપેક્ષા રાખે છે કે, જીવ મારી સાથે પ્રેમ કરે, પ્રેમ કરવા જેવો એક ઈશ્વર છે. જગત ના પદાર્થોમાં કરીશ.તું ચૂલામાં જા એટલે દધનો ઊભરો આવશે,એટલે દૂધ ચૂલામાં પડશે. મને છોડે નહીં તો કરેલો પ્રેમ એક દિવસ રડાવે છે. વ્હાલો અને જો મને છોડી દધ ઉતારવા જશે તો સંસાર વહાલો. માનો પ્રેમ મારામાં છે કે સંસારમાં? ખોળામાં સૂતો સૂતો કનૈયો વિચારે છે કે,અગ્નિને આશા મને છોડી દૂધ ઉતારવા જશે, તો માનીશ મારા કરતાં માનો પ્રેમ સંસારના પદાર્થમાં વધારે છે. ઘણા ઈચ્છે છે કે, વ્યવહાર બરાબર થાય તે પછી ભક્તિ કરું.પરંતુ સંસારનો વ્યવહાર બરાબર થયો નથી. વ્યવહાર એકમાંથી બીજો અને બીજામાંથી ત્રીજો ફૂટે છે.એનો અંત નથી.



મહાપુરુષો આજ્ઞા કરી ગયા છે કે, સર્વ રીતે જગતમાં કોઈ સુખી થતો નથી અને થાય તો સાનભાન ભૂલે છે.

સંસારમાં વિઘ્ન રોજ આવે છે, પણ મનુષ્ય નિશ્ચય કરે કે હું એક ક્ષણ પણ શ્રીકૃષ્ણ ચિંતન નહીં છોડું, તો પાપ-પુણ્ય સમાન બને છે. પછી વિઘ્ન ત્યાં વિઘ્નરૂપ થતું નથી.પુણ્ય ભોગવવું ગમે અને પાપ ભોગવવું પડે છે તેમ પુણ્ય પણ ભોગવવું પડે છે.કોઈ દુઃખનો પ્રસંગ આવે એટલે શરીરને સમજાવવું કે પાપ ઓછું થયું.

કનૈયાએ અગ્નિદેવને હુકમ કર્યો, એટલે અગ્નિએ ચૂલામાં પ્રવેશ કર્યો અને દૂધનો ઊભરો આવ્યો.

દૂધને ઊભરો કેમ આવ્યો? એનાં અનેક કારણો મહાત્માઓએ આપ્યાં છેઃ

એક મહાત્મા કહે છે કે, આ દૂધ ઋષિરૂપી ગાયનું હતું. ઋષિઓ ગાયો થઈને ગોકુળમાં આવેલા. તેમાંની આ ગાય હતી અને તેનું આ દૂધ હતું, તેથી તે દૂધને એવી ઈચ્છા હતી કે, હું કનૈયાના પેટમાં જાઉં.મારો ઉપયોગ શ્રીકૃષ્ણ સેવામાં થાય તો મારું કલ્યાણ થાય. જડ પદાર્થને પણ એવી ઈચ્છા થાય છે કે,મારો ઉપયોગ શ્રીકૃષ્ણ સેવામાં થાય.

બે રસ્તા છેઃ કાં તો તમે કનૈયાના પેટમાં જાઓ કે કનૈયો તમારા પેટ માં એટલે કે હૃદયમાં આવે.એ વગર શાંતિ નથી.યોગીઓ પરમા ત્માના સ્વરૂપમાં મળી જાય છે. વૈષ્ણવો શ્રીકૃષ્ણને પોતાના સ્વરૂપમાં ઉતારે છે. બંને માર્ગ એક જ છે.

દૂધને ચિંતા થાય કે, યશોદાજી લાલાને બહુ ધવડાવશે તો તેને ભૂખ રહેશે નહીં અને મને પીશે નહીં. જો મારો ઉપયોગ શ્રીકૃષ્ણ સેવામાં ન થાય તો મારું જીવવું શા કામનું? એના કરતાં તો હું અગ્નિમાં પડીને મરી જાઉં એ સારું,એ વિચારે દૂધનો ઊભરો આવ્યો.

પોતાના માટે જીવે એ કંઈ જીવન છે? કુટુંબ માટે કાગડો પણ જીવે છે. પતરાંવડાં જોઈ કાગણે પણ જાતભાઈઓને બોલાવે છે. પરોપકાર માટે જીવે એ જીવ્યો ગણાય. જાતે સુખ ભોગવવાની પોતાના મક્તિમાં બાધક છે, પણ બીજાને સુખી કરવાની ભાવના ભક્તિમાં સાધક છે. એટલે દૂધન પોતાના માટે જીવવાનું મન નથી. એને જીવન સફળ કરવું છે.

દૂધને આશા હતી કે, શ્રીકૃષ્ણ મને પીશે, સ્વીકારશે પણ જ્યાં એને ખાતરી થઈ કે કનૈયો મને પીવા આવશે નહીં ત્યાં અગ્નિમાં પડી બળીને મરી જવા તેણે નિર્ણય કર્યો.

બીજા મહાત્મા કહે છે કે, દૂધને ઈચ્છા હતી યશોદા લાલાને થોડું ધવડાવશે એટલે લાલાની ભૂખ જાગૃત થશે અને એ મને પીવા આવશે. પણ આ કનૈયો તો બહુ ધાવે છે. આમ લાલાનું પેટ ભરાઈ જશે તો પછીએ મને પીવાઆવશે નહીં. આથી લાલા,તું ઓછું ધાવ, ઓછું પાવ એમ કહેવા માટે દૂધ શ્રીકૃષ્ણ તરફ દોડ્યું અને તેથી ઊભરાયું.

એક બીજા મહાત્મા કહે છે કે,દૂધ યશોદાજીના ઘરનું હતું. યશોદાના ઘરમાં શ્રીકૃષ્ણકીર્તન, શ્રીકૃષ્ણ કથા થાય, તેનો સત્સંગ દૂધને પણ થયો છે. એક કરોડ જપથી માળામાં કુંવ્ય શક્તિ આવે છે તો દૂધમાં દિવ્યતા કેમ ન આવે? વળી ચૂલા ઉપરનું દૂધ ઋષિરૂપી ગાયનું તું.દૂધને બાળ કૃષ્ણનાં દર્શન થયાં એટલે તેને મળવા તે આતુર થયું. લાલો તો મારી સામે જોતો નથી તેથી અકળાઈને દૂધ ઊભરાઈને મળવા ચાલ્યું.

આ લીલા બધાંનાં ઘરમાં થાય છે. દૂધનો ઊભરો એટલે સંસારના ભોગવેલા વિષયોનું મરણ. ઠાકોર જીની સેવા કરતાં વિષય સુખનું સ્મરણ થાય એ દૂધનો ઊભરો છે. એ ભક્તિનો નાશ કરે છે.

ઘરનું કામ કરતાં કોઈયાદ ન આવે પણ જ્યાં માળા હાથમાં લીધી એટલે સગાં યાદ આવે . સાધકને કંઈ પ્રાપ્ત થવા આવે તે જ વખતે ઊભરો એટલે સંસાર યાદ આવે છે. બ્રહ્મસંબંધ જતાં દૂધનો ઊભરો ન આવે તે માટે સાવધાન રહો.

સેવા કરતાં જગત યાદ આવે એ કષ્ટ નથી.લોકોને ડાકોરના રણછોડરાયજી યાદ આવતા પણ ડાકોરના ગોટા યાદ આવે છે.

ઈશ્વરની સેવા કરતાં સંસારના કોઈ પણ વિષયસુખનું સ્મરણ થાય એટલે માનજો કે, દૂધમાં ઉભરો આવ્યો છે.સેવામાં હો ત્યારે આંખ નીચી રાખી માત્ર જય શ્રીકૃષ્ણ કરી વાત પૂરી કરો. વળી એક મહાત્મા દૂધના ઊભરા બાબત કહે છે કે, યશોદાજીને દૂધ વહાલું ન હતું. દૂધ ઉભરાઈ જાય તો નુકસાન થાય તે વિચાર થી તેઓ દોડેલા નહીં પરંતુ ચૂલા ઉપર જે દૂધ હતું તે ગંગી ગાયનું દૂધ હતું. યશોદાજી વિચારે છે કે, લાલો ગંગી ગાયનું દૂધ પીએ છે.ગંગી ગાયના સિવાય બીજી ગાયનું દૂધ લાલાને ભાવતું નથી. તે ગંગી ગાયનું દૂધ ચૂલા ઉપર ઊભરાવા આવ્યું હતું જો તે ઉભરાઈ જાય તો પછી લાલાને શું આપીશ એમ વિચારી લાલાને માટે જ યશોદા દોડેલા પ્રિય કરતા પ્રિય ની વસ્તુ અતિ પ્રિય લાગે છે એનું દ્રષ્ટાંત છેવળી એક મહાત્મા કહે છેકે,દૂધે પરમાત્માને યશોદા ની ગોદમાં જોયાં.આમ ઈશ્વરનાં દર્શન થયાં તોયે મારે અગ્નિનો તાપ સહન કરવો પડે છે,તેથી મારાં પાપ ઘણાં છે.હું જીવવાને લાયક નથી, હું અગ્નિમાં પડીને મરી જાઉં!એમ વિચારી દૂધ ઊભરાયું. યશોદાજી લાલાને મૂકી ચૂલા ઉપરથી દૂધ ઉતારવા ગયાં.

વ્યવહારનું કાર્ય કરતાં જીવ ઈશ્વર ને યાદ કરે છે, પણ જ્યારે ઈશ્વર ગોદમાં આવે છે,ઈશ્વર સાથે સંબંધ થાય છે,ત્યારે જીવ ઈશ્વરનેછોડીને વ્યવહારનું કાર્ય કરવા જાય છે. બ્રહ્મસંબંધ કરતાં સંસારનું સ્મરણ થાય એ જ દૂધ નો ઊભરો છે. કેટલાક માળા કરે છે, ત્યારે વિચારે છે કે,આજે કયું શાક લાવવું?આવા જપમાં જપ પરમાત્માનો નથી થતો પણ શાકનો થાય છે,તેથી શાક નારાયણ પ્રસન્ન થાય તો જુદી વાત, પણ ભગવાન નથી થતા.

વિયોગમાં અપેક્ષા જાગે છેએ ગુણ છે. સંયોગમાં ઉપેક્ષા જાગે છે એ દોષ છે. કનૈયો ગોદમાં આવ્યા પહેલાં યશોદાને શ્રીકૃષ્ણ ની અપેક્ષા છે અને કનૈયો ગોદમાં આવ્યા પછી ઉપેક્ષા.જીવનો થશે જે એવો સ્વભાવ છે કે, જે વસ્તુ સુલભ હોય તેની ઉપેક્ષા કરે છે. ભગવાનને થયુંકે કેટલા વ્રત તાપ ને અંતે હું મળ્યો અને હવે બશેર દૂધને માટે મારો ત્યાગ કરે છે.

છેલ્લે આજનો શ્રેષ્ઠ સુવિચાર જ્યાં સુધી જીવન છે ત્યાં સુધી પ્રેમથી રહો..તે પછી ફ્રેમમાં રહેવાનું જ છે...! જ્યારે કોઈ નબળો માણસ જુલમથી કંટાળી જાય છે અને ટક્કર લેવાનો નિર્ણય કરે છે ત્યારે તે મોટા મોટા તાકાતવર માણસોને પણ પછાડી દે છે...!પ્રિયજનો સાથે જીવવાની દરેકની ઈચ્છા છે,નહીં તોઆપણે એ પણ જાણીએ છીએ કે મરવાનું તો એકલા જ છે...!આપણે લાગણીઓના ભૂખ્યા છીએ પણ શરતએ છે કે લાગણી દિલથી હોવી જોઈએ દિમાગથી નહીં.એક પ્રણામ પરિણામ બદલી નાખે છે.. કોઈ વ્યક્તિ પર આંખો બંધ કરીને ભરોસો કરતા પહેલા રાહ જુઓ સમય જતા માનવીના એક પછી એક સ્તરો ખુલતા જાય છે, તમે જેને હંસ માનતા હતા,તે ક્યારેક બગલા ભગત નિકળી જાય છે.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે બસ અહીં જ અટકીએ અસ્તુ.

